અપીલ અરજી નં.૮૭ તા.૧૧–૭–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

## ***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૬–૦૮ ની અરજીથી કોટેજ ઈન્ડ. (ઉધોગ) માં કયા પ્રકારના ઉધોગો આવે છે તેની સંપૂર્ણ વિગત ગુજરાતીમાં આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૭/–૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૬–૦૮ ની અરજીથી કોટેજ ઈન્ડ. (ઉધોગ) માં કયા પ્રકારના ઉધોગો આવે છે તેની સંપૂર્ણ વિગત ગુજરાતીમાં આપવા બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સદર માહિતી જિલ્લા ઉધોગ કેન્દ્ર સુરત ખાતેથી મેળવી લેવા જણાવતાં પત્રથી નારાજ થઈ માહિતી સુમપાના કમિશ્નર પાસે માંગવામાં આવેલ નહી કે જીલ્લા ઉધોગ કેન્દ્ર પાસે તથા માહિતી લાગતી વળગતી હોય તે ખાતા પાસેથી માહિતી માંગનારને પરૂી પાડવાની હોય છે એવી રજુઆત કરીને એપેલેટ ઓફિસરને તા.૧૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં કોઈ તબદીલ કે વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૬ તા.૧૮–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુ.ધા.) કક્ષાએથી નં.એસએનઈ/જાવક નં.૧ ૨૮ તા.૨૮–૭–૦૮ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતીની વિગતો મળેલ. જેમાં જણાવ્યા અનુસાર અરજદારની અરજી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ચીફ ગુમાસ્તા નિરીક્ષકને તબદીલ કરવામાં આવેલ. જે અનુસાર નં.એસએનઈ/જાવક નં.૧૦૬ તા.૪–૭–૦૮ થી અરજદારને સદર માહિતી જિલ્લા ઉધોગ કેન્દ્ર સુરત ખાતેથી મેળવી લેવી જાણ કરતાં પત્રની નકલ અત્રે પાઠવેલ છે. તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુ.ધા.) ધ્વારા અરજી આરટીઆઈ એકટ મુજબ સક્ષમ અધિકારીના ક્ષેત્રાધિકારની બહારની હોઈ નિયમ–૪ (૧) હેઠળ જનરલ મેનેજર જિલ્લા ઉધોગ કેન્દ્ર બહુમાળી મકાન બ્લોક નં.એ,૬–૭ મો માળ, નાનપુરા, સુરતને નં.એસએન ઈ/જાવક નં.૧૨૭ તા.૨૫–૭–૦૮ ના રોજ તબદીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતી અધિકારી ધ્વારા આરટીઆઈ એકટની કલમ–૬ (૩) હેઠળ અન્ય જાહેર સત્તા મંડળને લગતી અરજી દિન–૫ માં તબદીલ કરવાની રહે છે જે પ્રસ્તુત કેસમાં ઘણા વિલંબથી થયેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી જિલ્લા ઉધોગ કેન્દ્ર સુરત ધ્વારા અરજદારને માહિતી પૂરી પાડતા તા.૨૯–૭–૦૮ ના પત્રની નકલ અત્રે મળેલ છે. તે જોતાં અરજદારને માંગેલ માહિતી પ્રાપ્ત થયેલ હોઈ આ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને સમયર્યાદા જાળવવા તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***<br>
***અને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલમાટે<br>
(૨)શ્રી હેમંત એન. દેસાઈ,